વંચાણે લીધેલ :– આ કચેરીની નોંધ તા. ૦૨ /૦૮/૨૦૧૧ ઉપર મા.કુલપતિશ્રીએ આપેલ મંજુરી.

# –:: પરીપત્ર ::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સર્વે યુનિટ તથા સબ યુનિટની કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ તથા અધિકારીઓને જણાવવામાં આવે છે કે, નીચેની વિગતો અનુસાર સર્વે કર્મચારીઓ તથા અધિકારીઓને મળતા (પગાર જુથ) મુળ પગારની સામે મળવાપાત્ર મકાનની કેટેગરીની વિગતે મકાન મેળવવા નિયત નમુનામાં અરજી આ કચેરીને કરવાની રહેશે. તેમજ માસિક વસુલાતનો દરની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | રહેણાંક ના મકાનો ની કેટેગરી | ક્ષૈત્રફળ વપરાશ વિસ્તાર (કુલ એરીયા) ચો.મી. | માસિક વસુલાત નો દર રૂા. | મળવાપાત્ર મકાની કેટેગરી પગાર જૂથ (મૂળ પગાર) પાંચમા પગાર પંચ મુજબ | મળવાપાત્ર મકાની કેટેગરી પગાર જૂથ (મૂળ પગાર) છઠ્ઠા પગાર પંચ મુજબ |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧. | 'એ' | ૨૯ ચો.મી. | ૪૦/– | ૩૦૪૯ સુધી | ૫૬૭૧ સુધી |
| ૨. | 'બી' | ૩૦ થી ૩૫ ચો.મી. | ૭૦/– | ૩૦૫૦ થી ૩૯૯૯ સુધી | ૫૬૭૩ થી ૭૪૩૮ સુધી |
| ૩. | 'બી–૧' | ૩૬ થી ૪૨ ચો.મી. | ૧૦૦/– | ૪૦૦૦ થી ૪૯૯૯ સુધી | ૭૪૪૦ થી ૯૨૯૮ સુધી |
| ૪. | 'સી' | ૪૩ થી ૫૫ ચો.મી. | ૧૫૦/– | ૫૦૦૦ થી ૭૯૯૯ સુધી | ૯૩૦૦ થી ૧૪૮૭૮ સુધી |
| ૫. | 'ડી' | ૫૬ થી ૬૪ ચો.મી. | ૨૦૦/– | ૮૦૦૦ થી ૯૯૯૯ સુધી | ૧૪૮૮૦ થી ૧૮૫૯૮ સુધી |
| ૬. | 'ડી–૧' | ૬૫ થી ૭૯ ચો.મી. | ૨૪૦/– | ૧૦૦૦૦ થી ૧૧૯૯૯ સુધી | ૧૮૬૦૦ થી ૨૨૩૧૮ સુધી |
| ૭. | 'ઈ' | ૮૦ થી ૧૨૦ ચો.મી. | ૩૦૦/– | ૧૨૦૦૦ થી ૧૪૨૯૯ સુધી | ૨૨૩૨૦ થી ૨૬૫૯૬ સુધી |
| ૮. | 'ઈ–૧' | ૧૨૧ થી ૧૫૦ ચો.મી. | ૪૦૦/– | ૧૪૩૦૦ થી ૧૫૯૯૯ સુધી | ૨૬૫૯૮ થી ૨૯૭૫૮ સુધી |
| ૯. | 'ઈ–૨' | ૧૫૧ થી અને તેથી ઉપર | ૫૨૦/– | ૧૬૦૦૦ અને તેથી ઉપર... | ૨૯૭૬૦ અને તેથી ઉપર... |

**નોંધ :–**

***૧. સુરત, ભરૂચ 100% ભાડાની વસુલાત કરવી.***
***૨. બારડોલી, તણછા, વણારસી, અછાલીયા,હાંસોટ, પરીયા, વ્યારા, રંભાસ, ગણદેવી, દાંતી(ઉભરાટ) તેમજ અન્ય ફાર્મ ૫૦% ભાડાની વસુલાત.***
***૩. વઘઈ100% વસુલાતમાંથી મુકિત.***

ઉપર જણાવ્યા મુજબ મૂળ પગાર પર કેટેગરી નકકી કરવામાં આવેલ છે અને તે મુજબ સદર માસિક ભાડાની વસુલાત કરવાની હોય છે. ઉકત નોંધના ક્રમ–૧ થી ૩ મુજબ બહારના ફાર્મના ભાડાની વસુલાત તે મુજબ કરવાની રહે છે.

ઉપર મુજબ કોલમ નં.(૬) માં જણાવ્યાની વિગતે નવસારી કેન્દ્ર ખાતે ફરજ બજાવતાં કર્મચારી / અધિકારીનો વખતોવખતનો પગાર વધતાં ઉપલી કેટેગરીમાં મકાન મેળવવાપાત્ર સાથે અરજી સાથે પગાર સ્લીપની નકલ અને કચેરીના વડાની સહી સાથે કચેરી મારફત અત્રે મોકલવાની રહેશે જેથી તેમના નામની નોંધણી જે તે મળવાપાત્ર કેટેગરીના મકાની સીનીયોરીટી માટે નિતિ નિયમ મુજબ જરૂરી નોંધ કરી શકાય.

નવસારી કેન્દ્ર બહાર ફાર્મ કચેરી ઉપર ફરજ બજાવતાં કર્મચારી / અધિકારીશ્રીઓએ પોતાની સ્થાનિક કચેરીમાં આવી અરજી આપવાની રહેશે જેથી સ્થાનિક કક્ષાએ સીનીયોરીટીમાં સમાવેશ થઈ શકે.

પ્રસ્તુત પરિપત્ર યુનિવર્સિટીના હિતમાં, આ કચેરીની નોંધ તા.૦૨.૦૮.૨૦૧૧ ઉપર મા.કુલપતિશ્રીએ આપેલ મંજુરી અનુસાર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જા.નં. નકૃયુ/કાઈ/બી.૭/ ૧૧૬૧૭–૧૧૬૬૬/૨૦૧૧.
નવસારી. તારીખ: ૦૩/૦૮/૨૦૧૧.

કાર્યપાલક ઈજનેર
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.

**નકલ સવિનય રવાના:–**

૧. આ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
૨. આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારૂ.

*E:\COMPAQ-3\B-7\MAKAN ALLOTMENT\PARIPTR QURT..doc*